| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૪/૧૨/૨૦૨૩ | | |
| રજી. તારીખ | : | ૦૪/૧૨/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | : | ૨૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | | | |

**આંક–**

******************************************************

**મુન્દ્રા તાલુકાનાં એડીશ્નલ સીવીલ જજ અને એડીશ્નલ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ : મુન્દ્રા–કચ્છ.**

******************************************************

**<u>ફોજદારી કેસ નં. ૩૪૧૫/૨૦૨૩</u>**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી :–</u>** **જતીનસિંહ અંતરસિંહ ભાટી,**
ઉ.વ.૨૧, ધંધો:મજુરી,
મુળ રહે.: બાયઠ, તા.માંડવી–કચ્છ
હાલ રહે.: દેવાંધ ગઢવીના રૂમમાં ટાવરની બાજુમાં પંકંજ કોલોની સમાધોધા તા.મુન્દ્રા–કચ્છ.

**<u>તહોમત : ધી પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨) મુજબ.</u>**

******************************************************

**ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ. પ્રજાપતિ.**
**આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.એ.રામાણી.**

******************************************************

**–:: ચુકાદો ::–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૭/૦૫/૨૦૨૩ નાં રોજ કલાક ૧૫:૧૫ થી ૧૬:૦૦વાગ્યાનાં મુન્દ્રા માંડવી હાઇવે પર આવેલ ગુંદાલા ત્રણ રસ્તાં ગુંદાલા તા.મુન્દ્રા–કચ્છ મધ્યે

આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂના ફુગ્ગાઓ નંગ–૦૮, દેશી દારૂ લીટર–૧૬, કિંમત રૂા. ૩૨૦/–નો પ્રોહિબીશન મુદામાલ પોતાના કબજાની ટીવીએસ કંપનીની જુપીટર ના એન્જીન નં.બીકેજએનએન૧૮૧૫૬૭૬ તથા ફ્રેમ નંબર–એમ.ડી.૬૨૬એકેજએકસએન૧એનએ૨૯૫ વાળીમાં રાખી પકડાઇ જઇ, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨) મુજબનો ગુન્હો કરેલ છે. જે બાબતની ફરિયાદ ફરિયાદીએ પ્રાગપર પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૭૨૩૦૧૬૨થી જાહેર કરેલ છે. ત્યારબાદ, તપાસનાં અંતે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું હાલનું ચાર્ઝશીટ નામ. કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) માનનીય નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા તાજેતરમાં R/CRIMINAL MISC. APPLICATION NO. 8892 of 2018 નાં ચુકાદામાં પેરા નં. ૧૦ માં એવું ઠેરવવામાં આવેલ છે કે, "The result of the above discussion is that: (01) by repeal of Section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case" સદર કરેલ હુકમને ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હા સંબંધી ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્ઝશીટ બાદ આરોપીને ધોરણસર સમનસની બજવણી કરવામાં આવતા આરોપી અદાલતમાં હાજર થયેલા. આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીને ચાર્ઝશીટ સાથેનાં કાગળોની એક નકલ વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ, ગુના અંગે સમજ કરી, આંક–૦૬ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–૦૭ થી તે તહોમત સંબંધે આરોપીનો જવાબ (પ્લી) લેવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા આરોપી વિરૂધ્ધ આ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) ત્યારબાદ, ફરિયાદપક્ષે આ કામે નીચે જણાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

## –:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ દેવા આલા ગઢવીની જુબાની. | ૧૨ |
| ૨ | પંચનામું. | ૧૩ |
| ૩ | પોલીસ સાહેદ ફરિયાદી કેશરભાઈ રાણાભાઈ દેસાઈની જુબાની. | ૨૩ |
| ૪ | ફરિયાદ. | ૨૪ |

(૪) ત્યારબાદ, વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાની મૌખિક જાહેર કરેલ છે. આ કામે આરોપી વિરૂધ્ધ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ તેની વિરૂધ્ધ પડેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે નિર્દોષ હોવાની અને તેમના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ આરોપી તરફે વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાનાં આધારે હાલનાં કેસનાં આખરી ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

## –:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૭/૦૫/૨૦૨૩ નાં રોજ કલાક ૧૫:૧૫ થી ૧૬:૦૦વાગ્યાનાં મુન્દ્રા માંડવી હાઈવે પર આવેલ ગુંદાલા ત્રણ રસ્તાં ગુંદાલા તા.મુન્દ્રા–કચ્છ મધ્યે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂના કુગ્ગાઓ નંગ–૦૮, દેશી દારૂ લીટર–૧૬, કિંમત રૂા. ૩૨૦/–નો પ્રોહિબીશન મુદામાલ પોતાના કબજાની ટીવીએસ કંપનીની જુપીટર ના એન્જીન નં.બીકેજએનએન૧૮૧૫૬૭૬ તથા ફ્રેમ નંબર–

એમ.ડી.૬૨૬એકેજએકસએન૧એનએ૨૯૫ વાળીમાં રાખી પકડાઇ જઇ,પ્રોહિબીશન એકટની કલમ-૬૫(એ)(એ),૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે અને તે માટેનાં કારણોની ચર્ચા ત્યારપછી કરવામાં આવેલ છે.

(૧) 'નકાર' માં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: નિર્ણય માટેના કારણો ::-**

**મુદા નં. ૧ અને ૨ ની ચર્ચા :-**

(૭) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક-૧૨થી આ કામે પંચસાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ પંચ સાહેદએ તેમની સરતપાસમાં આંક-૧૩વાળા પ્રોહી. રેઇડ કર્યા અંગેના પંચનામામાં સહી કરાવેલ, તે સિવાય બીજુ કાંઇ જાણતા નથી, તેવી હકીકત જણાવેલ છે. આમ, પંચ સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદરહુ પંચસાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમના પુરાવાથી ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત ખૂલવા પામતી નથી. સદરહુ પંચસાહેદોની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ, પંચ સાહેદોની જુબાનીથી પંચનામાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી, ફરિયાદપક્ષ પ્રોહી. રેઇડ કર્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે સૌપ્રથમ આંક-૨૩ થી ફરિયાદી કેશરભાઇ રાણાભાઇ દેસાઇનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સોગંદ પરની સરતપાસની જુબાનીમાં તેમણે કરેલ કાર્યવાહીને તેમજ તેમની ફરિયાદની તમામ હકીકતોને સમર્થન કરે છે અને ફરિયાદ આંક-૨૪ થી રજુ થયેલ છે. તેમજ પોલીસે પંચો રૂબરૂ તપાસ કરી

પંચનામાની વિગતે મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવેલ છે. જયારે, સદર સાહેદની આરોપી પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ જે વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા તે વાહનના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. તેમની ફરિયાદમાં પંચોના નામ સરનામા લખેલા નથી. કહેવાતા બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં માણસોની અવરજવર રહે છે. આરોપી બનાવ સ્થળેથી પકડાયેલ ન હતો. તે સિવાયના અન્ય સજેશનનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૯) આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે, તે પંચ સાહેદનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે જીવાભાઈ ટી. વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં** ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી, ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. પોલીસ સાહેદ ધ્વારા ફરિયાદપક્ષે રજુ ફરિયાદ હકીકતને સમર્થન આપતી જુબાની આપેલ છે, પરંતુ તેઓ ઉલટ તપાસ દરમિયાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓ જે વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા તે વાહનના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. તેમની ફરિયાદમાં પંચોના નામ સરનામા લખેલા નથી. કહેવાતા બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં માણસોની અવરજવર રહે છે. આરોપી બનાવ સ્થળેથી પકડાયેલ ન હતો. આમ, આ કામે પંચનામું થયા બાદ ફરિયાદીએ ફરિયાદ આપેલ હોય તેમ છતાં પંચોના નામ ફરિયાદમાં દર્શાવેલ ન હોય તે હકીકત નજર અંદાજ થઈ શકે તેમ નથી. વધુમાં, બનાવવાળા સ્થળેથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક.અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી કે પંચો સીવાય સ્વતંત્ર સાહેદોને ચાર્જશીટમાં દર્શાવેલ નથી. જે સ્થળેથી મુદામાલ મળી આવેલ છે, તે મકાન/જગ્યાની માલકી-કબજા તથા ભોગવટો આ કામના આરોપીનો હોય તે દર્શાવતો ફરિયાદપક્ષે કોઈ સબળ પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરિયાદી પોલીસ સ્ટાફના હોય જેથી તેઓને ફરિયાદપક્ષના કેસમાં રસ ધરાવતા વ્યકિત હોવાનું ગણી શકાય. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભૂત સિધ્ધાંત મુજબ

ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થીત થાય તો તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. આ કામે રજુ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ થયેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>સતીષ મહેરા વિરૂધ્ધ દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫</u>** નાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઇએ નહી. વધુમાં, નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઇ એસ. પટેલનો** ચુકાદો કે જે **(૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)** ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તેમાં નામ. ગુજરાત હાઇકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરિયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહીં. વધુમાં, ફરિયાદપક્ષના કેસને કોઇ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં, **<u>માનસીંગ મુલુભાઇ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી.– પાના નં. ૨૨૭૬૯૮</u>** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''જો પંચ સાહેદો ફરિયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.''

(૧૦) ફરિયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે તે ફરી ગયેલ સાહેદ હોઇ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી તે સંજોગોમાં જે મુદામાલ મળેલ છે તે આરોપીના ઘરમાંથી કે કબજામાંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થીત થાય છે. **<u>સ્ટેટ વિરૂધ્ધ રઈજીભાઇ ચતુરભાઇ સોલંકી, એ.આઇ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪</u>** નાં ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત

કરવામાં આવેલ છે કે,

"Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search." " The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search."

(૧૧) ક્રિમીનલ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો મુજબ આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ. પરંતુ, આ કામે ફરિયાદપક્ષ તેમ કરવામાં સફળ થયેલ ન હોય, આરોપીને તકસીરવાર ઠરાવવા યોગ્ય લાગતુ નથી. ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય, વાજબી અને ન્યાયીક જણાય છે. જેથી મુદા નં. ૧ નો જવાબ 'નકારમાં' આપી, મુદા નં. ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામનાં આરોપી **જતીનસિંહ અંતરસિંહ ભાટી,** ઉ.વ.૨૧, ધંધો:મજુરી, મુળ રહે.: બાયઠ, તા.માંડવી–કચ્છ, હાલ રહે.: દેવાંધ ગઢવીના રૂમમાં ટાવરની બાજુમાં પંકંજ કોલોની સમાધોઘા તા.મુન્દ્રા–કચ્છવાળાને પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨) મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) (જે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧)) મુજબના શિક્ષાપાત્ર ગુનાનાં કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે અગાઉ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો ના થયેલ હોય તો,મુદ્દામાલ પાવતી મુજબ આ કેસ લગત જપ્ત કરેલ દારૂનો મુદ્દામાલ સક્ષમ

અધીકારી સામે કાયદેસર રીતે અપીલ સમય મર્યાદા પુર્ણ થયા બાદ નાસ કરવો તથા અન્ય મુદ્ધામાલ અપીલ સમય મર્યાદા બાદ માલીકીની ખરાઇ કરીને મુદ્ધામાલ પરત સોપવો.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ (જે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(ક) અન્વયે આરોપીએ અગાઉ આપેલ જામીન હુકમ તારીખથી ૬ માસ સુધીના લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખ **૨૦ મી**, માહે: **માર્ચ,** સને– **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : મુન્દ્રા–કચ્છ.
તારીખ: ૨૦/૦૩/૨૦૨૬

**(સુદિપ્તો પાલ)**
એડીશ્નલ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મુન્દ્રા–કચ્છ.
જજ કોડ: જી.જે.૦૧૪૧૯.

(બિ.એ.વાઢેળ. ગુજ.સ્ટેનો)